## જન્મદિને વધામણી



મહેન્દ્રસિંહ પી વિહોલ
પૂર્વ પ્રમુખ,
જિલ્લા તલાટી/મંત્રી મંડળ



હર્ષા મેવાડા
લાયોનેસ કલબ



રૂદ્રરાજસિંહ
પ્રદિપસિંહ વાઘેલા
મો. ૮૯૮૦૧ ૦૦૦૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

# પ્રેરણા વિદ્યાલયમાં વિદ્યાર્થીપ્રતિનિધિ માટે ચૂંટણી





ગાંધીનગર, તા. ૫
સૅક્ટર-૫ એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે લોકશાહી ઢબે વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી યોજવામાં આવી હતી. ચૂંટણી કમિશનર તરીકે ઈન્દ્રરાજકુંવરબા પુવાર અને સહાયક તરીકે ચેતનાબેન પટેલ, ભૂમિકાબેન પટેલે કામગીરી કરી હતી. વર્ગ પ્રતિનિધિ તરીકે ધોરણ-૮માં પાયલબા રાજપૂત, હાર્દિક ઠાકોર, ધોરણ-૯માં સુહાની સોલંકી, ક્રિશ દૂધરેજીયા, ધોરણ-૧૦માં ભાવિકાબા વાઘેલા, રૂદ્ર દવે, ધોરણ-૧૧ આર્ટ્સમાં સૃષ્ટિ દૂધરેજીયા, સૂર્યદેવ વાઘેલા, ધોરણ-૧૧ કોમર્સમાં ધૃતિ રાવલ, કરણ રબારી, ધોરણ-૧૨ આર્ટ્સમાં હેમાંગિની ડાભી, અમરત મકવાણા તથા ધોરણ-૧૨ કૉમર્સમાં પ્રિયંકા દેસાઈ, હર્ષદ પરમાર ચૂંટાઈ આવ્યા હતા.

આ વર્ગ પ્રતિનિધિઓ દ્વારા જીઍસ તરીકે હર્ષદ પરમાર અને ઍલઆરત રીકે પ્રિયંકા દેસાઈની પસંદગી કરવામાં આવી હતી. ચૂંટાયેલા તમામ પ્રતિનિધિઓનો શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા અને મંત્રીમંડળની રચના કરવામાં આવી હતી.

સૌ નિયુક્ત વિદ્યાર્થી પ્રતિનિધિઓને ટ્રસ્ટી નરેશભાઈ શાહ, આર એમ પટેલ અને પ્રિન્સિપાલ મનીષભાઈ ખત્રી દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## મણિબેન ઍમપી શાહ આર્ટ્સ કૉલેજમાં ઍનઍસઍસની પરિચય બેઠક યોજાઈ



ગાંધીનગર, તા. ૫
એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કોલેજમાં તાજેતરમાં એન.એસ.એસ. પરિચય બેઠકનો કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં કોલેજની બી.એ.સેમ-૧માં એડમીશન લીધેલ વિદ્યાર્થિનીઓને એન. એસ. એસ. વિશે માહિતગાર કરવામાં આવી. તેમજ વર્ષ દરમ્યાન કેવા પ્રકારની પ્રવૃત્તિ કરવાની છે તેની એન.એસ.એસ. એટલે શું વગેરે વિશે માહિતી એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.એચ.એચ.પરમારે વિસ્તૃત પણે આપી હતી. સાથે ખાસ વાર્ષિક શિબિર અંગેની પણ માહિતી આપવામાં આવી હતી. અન્ય અધ્યાપકોએ પણ એન.એસ.એસ. વિશેની માહિતી આપી હતી. જયારે આભાર વિધિ પ્રા.ડૉ. સંગીતાબેન આચાર્યએ કરી હતી. આ કાર્યક્રમમાં પ્રિ. ડૉ. હિનાબેન પટેલનું સતત માર્ગદર્શન મળતું રહ્યું હતું. સમગ્ર કાર્યક્રમ એન.એસ.એસ. કમિટીના સભ્યો પ્રા. એચ. એચ. પરમાર, ડૉ. સંગીતાબેન આચાર્ય, ડૉ. એમ. પી. પટોલિયા, પ્રા. વર્ષાબેન બ્રહ્મભટ્ટના સહિયારા પ્રયાસથી સારી રીતે પૂર્ણ થયો હતો. કાર્યક્રમનું સંચાલન બી.એ.સેમ-૧ની વિદ્યાર્થિની ખુશ્બુ નાયકે કર્યું હતું.

# આર જી - ઍસ બી પટેલ કન્યા શાળા જિલ્લાની વૉલીબૉલ સ્પર્ધામાં અવ્વલ

ગાંધીનગર, તા. ૫
શ્રીમતી આર જી પટેલ માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા જિલ્લા કક્ષાની વૉલીબૉલ સ્પર્ધાના અન્ડર-૧૯ વિભાગમાં પ્રથમ ક્રમે વિજેતા બની છે.

આ વિજેતા ટીમમાં માનસી ઠાકોર, દેવાંગી પ્રજાપતિ, પ્રેરણા પ્રજાપતિ, વાગ્મી જોષી, ત્વીસા પટેલ, દેવલ પટેલ અને કુસુમ સિસોદીયા સામેલ હતાં.

સાતેય વિદ્યાર્થિનીઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી છે. તેમને ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં વ્યાયામ શિક્ષક ઉર્વશીબેન જોષી દ્વારા કોચિંગ આપવામાં આવ્યું હતું. આચાર્ય સુધાબેન પટેલ, ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં સુપરવાઈઝર રમેશભાઈ પટેલ, ગીતાબેન પટેલ અને માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલે તમામ ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા તથા રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.



શ્રી જોઈતારામ શંકરદાસ પટેલ વિદ્યામંદિર ખાતે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. રસીકરણના દિવસે શાળાના કુલ ૭૩.૫ ટકા વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી. કોઈપણ વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની આડઅસર થઈ નહોતી. આ કામગીરીમાં આચાર્ય તથા સ્ટાફે સક્રિય સહકાર આપ્યો હતો. કન્વીનર અનિલભાઈ નાયકે ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હતી.





સુશીલ પરિવાર સંચાલિત સર્જન ઍજ્યુકેશન વૅલ્ફેર ટ્રસ્ટ દ્વારા સરકારી પ્રાથમિક શાળા, ઈન્દ્રોડા, સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨, રાયસણ પ્રાથમિક શાળા અને ઍચઆઈવીગ્રસ્ત હૉસ્ટેલનાં બાળકોને વહેંચવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે પરિવારના સભ્યોના ફાળા દ્વારા રકમ એકત્ર કરી ટ્રસ્ટ દ્વારા આ સેવાકાર્ય સંપન્ન કરવામાં આવ્યું હતું.




ગાંધીનગર શહેરના જન્મદિવસની ભવ્ય ઉજવણી પ્રસંગે શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સૅક્ટર-૩૦ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગર શહેરને ૫૩ વર્ષ થયાં તે નિમિત્તે કુલ ૫૩ વિદ્યાર્થીઓએ શાળા પરિસરમાં ૫૩ વૃક્ષો વાવ્યાં હતાં, જેમાં લીમડો, આમળો, પીપળો, વડ, પાણીકણજો, ગુલમહોર, આંબો, અને ઔષધિય વનસ્પતિ પણ સામેલ હતી. વિદ્યાર્થીઓ વૃક્ષારોપણ દ્વારા ગાંધીનગરને ગ્રીન સિટી બનાવવાનો સંકલ્પ પણ આ પ્રસંગે ગ્રહણ કર્યો હતો.

## સોશિયલ મીડિયા.કોમ

### સત્ય ઘટના

અમારી બાજુનો ફ્લેટ NRIએ વર્ષોથી લીધેલ છે...
છ મહિનાથી ઘર ખોલી કાકા કાકી રહેતા હતા....
તેમના બાળકો USA સેટ થઈ ગયા હોવાથી હવેની બાકી રહેલ જીંદગી... ઈન્ડિયામાં કાઢવી તેવું નક્કી કરી તેઓ અહીં રહેવા આવેલ...
મેં પણ તેઓ એકલા હોવાથી ..કીધું હતુ.. તમને કાંઈ કામકાજ હોય તો કહેજો.....ચિંતા કરતા નહીં..
કાકા કાકી આનંદી સ્વભાવના હતાં. કોઈ..કોઈ વખત રાત્રે બેસવા આવે.... અને પૂર્વ અને પશ્ચિમની સંસ્કુતિ વિશે વાતો કરે... છ મહિના પુરા થયા હશે...એક દિવસ.. કાકા કાકી અમારે ત્યાં રાત્રે બેસવા આવ્યા છ મહિના પહેલાની વાતો અને આજની તેમની વાતોમાં તફાવત દેખાતો હતો.... બેટા... હવે.. અમે ગમે ત્યારે પાછા યુઍસએ દીકરા પાસે જવાની તૈયારી કરીએ છીએ...
મેં કિધુ.. કેમ કાકા..અમારી સાથે ના ફાવ્યું....?
તમે તો કહેતા હતા હવે... અમેરિકા ફરીથી નથી જવું.. અહીંના લોકો માયાળુ..છે.. સગા.. સંબંધી... બધા અહીંયા છે. દીકરી પણ ગામમાં... છે. મારા જેવો પાડોશી છે...તો કઈ વાતે તમને તકલીફ પડી...
બેટા.. આ વીતેલા છ મહિનામાં.. મને બધો અનુભવ થઇ ગયો....મને એમ હતું...અહીં આવી એક બીજાને મળશું, સુખ દુઃખ ની વાતો કરશું.
કોઈને મળવા જઈએ તો પહેલી વખત સારો આવકાર મળ્યો, બીજી વખત જઈએ એટલે..ઠંડો આવકાર..ફ ચાલુ રાખી..વચ્ચે વચ્ચે થોડી વાત કરી લે...આપણે મનમાં બેઈજ્જતી થાય..કે આપણે અહીં ક્યાં આવ્યા.... ગામમાં દીકરી છે તો અવારનવાર આવશે..મળશે...તેવા ખ્યાલોમાં હતા...પણ દિકરી મોબાઈલ કરી ખબર અંતર પૂછી લે છે...ફોન ઉપર બધા લાગણી બતાવે ડાહી..ડાહી વાતો કરે...બેટા રૂબરૂ જઈએ ત્યારે.વર્તન બદલાઇ ગયું હોય છે..
બધા પોતપોતાની જીંદગીમા મશગુલ છે..બેટા....
નકામા લાગણીશીલ થઈને દુઃખી થવા અહીં આવ્યા એવું લાગી રહ્યું છે. તેના કરતાં જેવા છે તેવા દેખાતા...ધોળીયા સારા..બાહ્ય આડંબર તો જરા પણ નથી...
અરે શુ વાત કરું બેટા... થોડા દિવસ પહેલા....હું ગ્રીન સિગ્નલ થયા પછી...જિબ્રા..રોડ ક્રોસ કરતો હતો... તો પણ એક ગાડી સડસડાટ આવી મને ઉડાવતા રહી ગઇ.. પાછો... બારીમાથી યુવાન લાગતો છોકરો બોલ્યો, 'એ..એ...ડોહા..જોતો નથી...મરવા નીકળ્યો છે.....'
હું તો બે મિનિટ સ્તબ્ધ થઈ ગયો...આ મારી કલ્પનાનો ભારત દેશ...જ્યાં યુવા પેઢીને બોલવાની પણ ભાન નથી...નાના મોટાનું જ્ઞાન નથી....ટ્રાફિક સેન્સનું નામ જ નહીં....હું શું કલ્પના કરી અહીં આવ્યો હતો....ત્યાં ઘરડા કે બાળકને જોઈ ગમે તે સ્પીડથી વાહન આવતું હોય..બ્રેક મારી.. તમને.. માન સાથે પહેલા જવા દે...ને અહીં..
મારા વાંક ગુના વગર ગાળો.. સાંભળવાની..
વિચારતો વિચારતો જતો હતો..ત્યાં પથ્થર જોડે મારો પગ ભટકાયો...
મારા ચશ્માં પડી ગયા..હું ગોતતો હતો...
ત્યાં એક મીઠો આવાજ આવ્યો, અંકલ ..'મે આઈ હેલ્પ યુ ?'
બેટા.. સોગંદથી કહું છું, મને બે મિનિટ તો રણમા કોઈ ગુલાબ ખીલ્યું હોય ..તેવો ભાસ થયો...
અહીં છ મહિનાથી આવ્યો છું....બેટા
પણ મે આઈ હેલ્પ યુ જેવો એકપણ શબ્દ મેં નથી સાંભળ્યો.
મેં આવો મધુર ટહુકો કરનાર સામે જોયું...એક ૧૦ થી ૧૨ વર્ષનું બાળક હતું....અંકલ આ તમારા ચશ્મા....
મેં માથે હાથ ફેરવી 'રફ્હા એ' કીધું....
બેટા ક્યાં રહે છે ?
અહીં હું મારા દાદા ને ત્યાં
ક્રિસમશ વેકેશનમાં આવ્યો...છું.
એટલે ઈન્ડિયામા નથી રહેતો ?
ના અંકલ ..અમે વાતો કરતા હતા ત્યાં તેના પાપા મમ્મી આવ્યા..હાથ જોડી બોલ્યા ..નમસ્તે અંકલ...
એકબીજાએ વાતો...કરી...છેલ્લે ઘર સુધી પણ મૂકી ગયા...
બેટા હું વિચારતો હતો...નાહકના પશ્ચિમની સંસ્કુતિને આપણે વખોડયે છીયે....ખરેખર સંસ્કાર, ડિસિપ્લિન, ભાષા..તો તે ધોળીયાઓની સારી છે. આપણે આંધળું અનુકરણ કરવા નીકળ્યા છીએ..
ખરેખર જે શીખવાનું છે તે શીખતાં નથી...
ધોબીના કૂતરા જેવી દશા થઈ છે...
ટૂંકી ચડ્ડી કે ટીશર્ટ પહેરેથી આધુનિક નથી થવાતું...
આજના યુવાનોને કેમ સમજાવું.. કે વાણી ,વર્તન એ તો દેશની પ્રગતિનો પાયો છે...
જ્યાં વાણી વર્તનના ઠેકાણા નથી ત્યાં દેશનો ગમે તેટલો વિકાશ થાય...તે ગાંડો જ લાગે...
બેટા હજુ એ શબ્દો મને યાદ આવે છે તો હસવું પણ આવે છે અને દુઃખ પણ થાય છે...
'એ.એ...ડોહા..મરવા નિકળ્યો છે જોતો નથી.'
આ પોસ્ટ મને એટલી બધી સાચી લાગી કે કોપી પેસ્ટ કરી ને શેર કર્યા વિના રહી ના શકયો. ૧૦૦% સાચી વાત છે એ સ્વીકારવું ઘણું અઘરું છે. આપણી આખી સોસાયટી અત્યંત દંભી છે. જ્યારે પશ્ચિમી સંસ્કૃતિમાં પારદર્શકતા છે. જેવા છે તેવા જ દેખાય છે. આપણા સમસ્ત સમાજની માનસિકતામાં આમૂલ પરિવર્તનની જરૂર છે.

# કબૂલાતથી કશું સાબિત થાય કે ના થાય, કવિનો ગઝલસંગ્રહ 'ગુનો કબૂલ છે'





તમે કશું આપો તે પહેલાં તમારી પાસે હોવું જોઈએ. આ હોવું એ બીજું કંઈ નહીં, પરંતુ ભીતરના કેન્દ્ર સાથેનો સંપર્ક. એવી ઓશોની વિચારધારા સાથે જ્યારે કોઈ વ્યક્તિ સૃજનાત્મક અવસ્થામાં હોય છે ત્યારે તે ઈશ્વરની અત્યંત નિકટ હોય છે. આ બંને વચનો પ્રત્યે પૂરી સભાનતાથી ગઝલરચના કરતા કવિ સુરેશ પરમાર 'સૂર' તેમના ત્રીજા ગઝલસંગ્રહ 'ગુનો કબૂલ છે'માં કબૂલાત કરતાં જણાવે છે કે મારી સર્જનપ્રક્રિયામાં પણ મારો સ્વાર્થ પ્રાથમિક છે. લખાયેલી રચના વંચાય અને ભાવકને ખુશ થવામાં નિમિત્ત બને એ બીજી વાત છે. મારા માટે તો સર્જનની ક્ષણો જ આનંદકારી છે. તેઓ કબૂલે છે કે આત્મખોજ માટેની સાધનપદ્ધતિના અંગ સ્વરૂપે જરૂર પૂરતું જ બોલું છું અને મિલન-મુલાકાત વેળાએ તથા ગઝલપઠનની બેઠકમાં વાતચીત કરવા કરતાં સાંભળવા પર વધારે ધ્યાન આપું છું. સંભળાતી વાતો, મિત્રોના હાવભાવ, પ્રતિભા, પ્રતિક્રિયા ઈત્યાદિમાંથી મને મારી ગઝલના તરીકે નીવડી આવ્યા છે. પૂર્વે 'છલોછલ સુરાહી' અને 'ચહેરા ઉપર પૂનમ' પછી તે નવાસવા નથી. અનુભવની એરણ પર ઘડાયા છે. ગઝલ સ્વરૂપની બારીકીઓના સાક્ષી બન્યા છે.

ગઝલની તિર્યક શૈલીને એ ભાવનું ઉદ્‌ઘાટન કરવા કે એવી ચોટપૂર્વક અતિત વ્યક્તિ સાધવા પ્રયોજે છે એની સાથે સાથે માનવ સ્વભાવની નબળાઈઓ, અંધશ્રદ્ધા, વિધિ-વિધાનો અને કુટિલ વહેવારોની વક્રોક્તિ પૂર્ણ અભિવ્યક્તિ માટે પ્રયોજે છે. એ એમની ગઝલોનું એક વ્યાવર્તક લક્ષણ છે, તેમની ગઝલોમાં ઘણી જગ્યાએ તત્ત્વચિંતન અનુસ્યૂત થયેલું જોવા મળે છે.

તો વળી, નિર્દોષ ગુનાની કબૂલાત કરતી ગઝલો એવા શિર્ષકથી આપણા જાણીતા વરિષ્ઠ ગઝલકાર રાજેશ વ્યાસ 'મિસ્કીન' પણ કબૂલે છે કે આ ગઝલકાર પોતાની સર્જનપ્રક્રિયા અને સર્જન માટે સ્પષ્ટ સમજણ ધરાવે છે. સુરેશ પરમારની ગઝલોની વિશેષતા એક એ છે કે મતલા કે મકતાનો શેર મળી આવે અને આખી ગઝલ પૂરી થાય છે. આત્મખોજ માટે ખપ પૂરતું બોલવાનો ગુનો કબૂલનાર આ ગઝલકાર, નિઃશબ્દનો લગાવ વધતો જાય છે એવું કબૂલ કરનાર ગઝલકાર એવા નિર્દોષ ગુનાઓ સ્વીકારે છે જે નિર્દોષ ગુનાઓ આ પૃથ્વી પર પ્રત્યેક વ્યક્તિ કરે તો આ આખી દુનિયાના રંગઢંગ બદલાઈ જાય. 'ગુનો કબૂલ છે' ગઝલ સંગ્રહના કવિને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.

ગુનો કબૂલ છે (ગઝલસંગ્રહ)
લેખક : સુરેશ પરમાર 'સૂર'
પ્રકાશક : રન્નાદે પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬
કિંમત : રૂ. ૧૨૦/-

**'ગુનો કબૂલ છે'માંથી કેટલાક ચૂંટેલા શેર**

ભેગા થઈ ક્યારેય ક્યાં આવ્યા છે સજ્જનો ?
ને વિશ્વના સહુ દુર્જનોમાં કેવું ઐક્ય છે !
..........
આયના અંદર કે બહાર કોણ છે ? ના પૂછશો.
ચોરની સામે ઊભો શાહુકાર એનો એ જ છે.
..........
પગ પર કુહાડી મારવાના કારણે માણસ
ખુદના જ પાપે રહી શક્યો ના છાંયડે માણસ
..........
સહુ કોઈ અહીંયા કેદમાં જીવે છે કેમ કે
સાચા કે જૂઠા વહેમનો ગુનો કબૂલ છે.
..........
હૃદયની ધડકનો સાચી પડી છે,
હવા નારાજ થઈ પાછી ફરી છે.
..........
'સાચ' નામે ઓળખાતા 'કાચ'ના માણસ અમે,
શીશ પર તોળાઈ રહેતી ઘાતના માણસ અમે.

# યુજીસીની સિમેટ અને જીપેટ સહિતની પરીક્ષા હવે ઓનલાઈન

ગાંધીનગર, તા. ૫
મેનેજમેન્ટ અને ફાર્મસીમાં એડમિશન લેવા માટે આપવામાં આવતી યુજીસી, સીમેટ અને જીપેટ સહિતની પરીક્ષા હવે ઓનલાઈન લેવામાં આવશે. આ તમામ પરીક્ષાઓ હવે નેશનલ ટેસ્ટિંગ એજન્સી લેશે. આ માટેનું નોટિફિકેશન પણ જાહેર કરી દેવામાં આવ્યું છે. અત્યાર સુધી આ પરીક્ષા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા લેવાતી હતી. આ વર્ષથી હવે નીટ અને જેઈઈ સિવાયની ઉપરોક્ત તમામ પરીક્ષાઓ એનટીએ લેશે. આ વર્ષથી આ પરીક્ષાઓ વર્ષમાં બે વખત લેવાશે. આ પરીક્ષાઓ ઓનલાઈન કમ્પ્યૂટર બેઈઝ હશે. યુજીસી-નેટ અને સીમેટ (કોમન મેનેજમેન્ટ એડમિશન ટેસ્ટ) અને જીપેટ (ગ્રેજ્યુએટ ફાર્મસી એપ્ટિટ્યૂટ ટેસ્ટ)માં પણ કેટલાક ફેરફાર કરાયા છે, જેના કારણે વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્ન પેપર બનાવાશે. સવાલો અગાઉની સરખામણીએ થોડા વધુ અઘરા હશે. ઓનલાઈન પેપર હોવાના કારણે વિદ્યાર્થીઓ એક્ઝામનો મોડ પસંદ નહીં કરી શકે એટલું જ નહીં, તેઓ નકલ પણ નહીં કરી શકે. પેપરમાં શંકા હશે તો જવાબમાં રિ-ટીક કરી શકશે અને પોતાની પસંદગી મુજબની તારીખ નક્કી કરી શકશે. યુજીસી-નેટની તારીખ ૧ થી ૩૦ સપ્ટેમ્બર, પરીક્ષા ડિસેમ્બરમાં અને પરિણામ જાન્યુઆરી-૨૦૧૯માં આવશે. સીમેટમાં ૨૨ થી ૧૫ ડિસેમ્બર સુધી રજિસ્ટ્રેશન, ૨૭ જાન્યુઆરી-૨૦૧૯માં પરીક્ષા અને પરિણામ ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં આવશે. જીપેટ ૨૨ થી ૧૫ ડિસેમ્બરે રજિસ્ટ્રેશન થશે. ૨૭ જાન્યુઆરીએ પરીક્ષા અને ફેબ્રુઆરી-૨૦૧૯માં પરિણામ જાહેર થશે. જ્યારે ગેટની પરીક્ષાનું રજિસ્ટ્રેશન ૨૧ સપ્ટેમ્બર, એડમિટકાર્ડ ૪ જાન્યુઆરીએ, રિઝલ્ટ ૧૬ માર્ચ-૨૦૧૯એ જાહેર થશે. પેપર માટે ત્રણ કલાકનો સમય અપાશે.